# હિસાબ નિયામકશ્રીની કચેરી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**ખાસ અગત્યનું**

## પરિપત્ર

**નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ના ખર્ચ/ આવકનાં મેળવણાં કરવા બાબત.**

નવસારી કૃષિ યુનિવર્સિટીનાં તમામ કચેરીનાં યુનિટ વડાશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, નાણાંકીય વર્ષ **૨૦૨૪–૨૫** પુર્ણ થયેલ છે. જેથી આપની કચેરીના તાબા હેઠળ ચાલતી પ્લાન, નોનપ્લાન, આઈ.સી.એ.આર, અધર એજન્સી તેમજ રીવોલ્વીંગ ફંડ સહિતની અન્ય તમામ યોજનાઓ ના સામેલ રાખેલ પત્રકો મુજબ **તા. ૦૧/૦૪/૨૦૨૪ થી તા. ૩૧/૦૩/૨૦૨૫** સુધીમાં તમામ બજેટ સદર હેઠળ થયેલ આવક, જાવક/ખર્ચ, ડીપોઝીટ અને એડવાન્સની બંધ સિલ્લક તેમજ હિસાબોના મેળવણા અંગેની કાર્યવાહી સંબંધિત કર્મચારીને અત્રેની **તિજોરી શાખામાં રૂબરૂ મોકલાવી** **તા. ૧૫/૦૪/૨૦૨૫ સુધીમાં પુર્ણ કરી લેવા જણાવવામાં આવે છે**.

વધુમાં **સને ૨૦૨૪–૨૫** ના નાણાંકીય વર્ષમાં **URP** સોફ્ટવેરમાં આપની કચેરી હસ્તકના બજેટ સદર હેઠળ ફાળવેલ ગ્રાન્ટ, થયેલ ખર્ચ તેમજ આવકનાં સંપુર્ણ હિસાબો ઓનલાઈન કરવામાં આવેલ છે. જેથી આપની કચેરીમાં નિભાવવામાં આવતા ગ્રાન્ટ રજીસ્ટર આવક/ખર્ચનાં રજીસ્ટરો પ્રમાણે બરાબર ચકાસણી કરી યુનિવર્સિટી બજેટ સદર પ્રમાણે ખર્ચ/આવક પ્રમાણિત કરાવી લેવા વિનંતી છે. જેથી પાછળથી હિસાબો અંગે પ્રશ્નો ઉપસ્થિત થાય નહીં. ઉક્ત સમયમર્યાદામાં હિસાબોનું મેળવણું કરવામાં નહીં આવે તો પાછળથી કોઈપણ જાતનાં સુધારા-વધારા કરી આપવામાં આવશે નહીં તેમજ અત્રેથી **AUC/UTC** ઈશ્યુ કરવામાં આવશે નહીં. જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.

**મેળવણા સમયે સાથે લાવવાના રેકર્ડ માહિતી:–**

૧. હિસાબ-૧૭ ખર્ચ રજીસ્ટર/હિસાબ-૧૬ આવક રજીસ્ટરો.
૨. પેશગી/અનામત રજીસ્ટરો.
૩. પગારભથ્થા રીફંડ તેમજ એબ્સ્ટ્રેક્ટ રીફંડ વિગેરેની માહિતી.
૪. રીવોલ્વીંગ ફંડ બજેટ સદર-૯૫૧૦ ના સામેલ પત્રક મુજબ આવક/ખર્ચનાં પત્રકો.
૫. તમામ બેંક ખાતાઓના **રીકન્સીલેશન પત્રકો**.
૬. નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તક ચાલતી સેપરેટ યોજનાનાં ફંડનું મેળવણું કરવા માટે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન થયેલ ખર્ચ/આવકનાં હિસાબી પત્રકો**(પરિપત્ર ક્રમાંક: જા.નં. નકૃયુ/હિનિ/કંટ્રોલ/૯૯૨/૨૦૨૫ તા.૦૧/૦૩/૨૦૨૫ મુજબના)**, રજિસ્ટરો, કેશબુક તેમજ તે સમય દરમ્યાનની બેંક પાસબુક તેમજ **રીકન્સીલેશન પત્રક** સાથે ખર્ચ/આવકનું મેળવણાં કરવા માટે હાજર રહેવું.
૭. **URP** સોફ્ટવેરના ડેટા સાથે કચેરી ખાતે ઉપલબ્ધ દસ્તાવેજો તેમજ નિભાવવામાં આવેલ રજીસ્ટરો સાથે મેળવણું પૂર્ણ કર્યા બાબતનું કચેરી વડાશ્રી તેમજ ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રી એ આપવાનું થતું પ્રમાણપત્ર.
૮. કચેરી ખાતે ઉપલબ્ધ દસ્તાવેજો તેમજ નિભાવવામાં આવેલ રજીસ્ટરો અને **URP** સોફ્ટવેરના રીપોર્ટ નં-૨૯ ના પત્રકો પર કચેરી વડાશ્રી તેમજ ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીના સહી સિક્કા સહીત સાથે રજુ કરવું.

**જા.નં. નકૃયુ/હિનિ/વવહિઅ/બી–૭–૧/૧૬૪૩/૨૦૨૫**
**નવસારી, તા. ૦૧/૦૪/૨૦૨૫**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):–**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
**(૨)** અત્રેની યુનિવર્સિટીના તમામ યોજનાઓના નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૩)** અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા):–**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૨)** અત્રેની કંટ્રોલ શાખા, બજેટ શાખા તેમજ તિજોરી શાખાના તમામ ટેબલો તરફ જાણ તથા અમલ થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.